EDII

Sandesh

December 16, 2023
Page No.06
City Life

# EDII દ્વારા દિવ્યાંગો માટે આંત્રપ્રિન્યોર ગ્રોથ-કમ કાઉન્સેલિંગ પ્રોગ્રામ યોજાશે

## EDII ખાતે ૩,૦૦૦ દિવ્યાંગો માટે ખાતરીપૂર્વકની આજીવિકાને સપોર્ટ કરવા માટે અને નવી તકો ઊભી કરવા રાઉન્ડ ટેબલ મીટ યોજાઈ

**સિટી લાઈફ |** ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (DEPwD)ના સહયોગથી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) એ સીએસઆર કામગીરી હેઠળ દિવ્યાંગો (PwDs) માટે ખાતરી પૂર્વકની આજીવિકાને સપોર્ટ કરવા, સક્રિય કરવા અને ઊભી કરવા એક રાઉન્ડ ટેબલ મીટનું આયોજન કર્યું હતું. આ મીટઅપમાં ભારત સરકારના દિવ્યાંગ સશક્તીકરણ વિભાગના નેશનલ હેન્ડિકેપ્ડ ફાઈનાન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના જનરલ મેનેજર ડૉ. વિનીત રાણા,જગન્નાથ સાહૂ, આઈએએસ રાજેન્દ્ર નિમ્બાલકર, સૌમ્યા ચૌધરી, ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ

ડૉ. સુનીલ શુક્લા, ઈડીઆઈઆઈ ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ (કોર્પોરેટ)ના ડિરેક્ટર ડૉ. રમણ ગુજરાલ તેમજ દિવ્યાંગ સશક્તીકરણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણી કોર્પોરેટ સંસ્થાઓના સીએસઆર લીડર્સ હાજર રહ્યા હતા અને સમાજને સંવેદનશીલ બનાવવા અને ૧,૫૦૦ ટેક્નોલોજી સંચાલિત અને ૧,૫૦૦ સામાન્ય સાહસો સહિત દિવ્યાંગો માટે ૩,૦૦૦ નવી તકો ઊભી કરવા નક્કી કરાયું. જેમાં દિવ્યાંગો માટે આંત્રપ્રિન્યોર ગ્રોથ-કમ કાઉન્સેલિંગ પ્રોગ્રામ અને માઈક્રો સ્કિલ પ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાશે.




### દિવ્યાંગોને મળતી ઓછા પગારની નોકરીની પ્રથા તોડી સરખી તક આપવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું

રાઉન્ડ ટેબલ મિટિંગમાં સરકાર, કોર્પોરેટ અને સંસ્થાઓ વચ્ચે અસરકારક સિનર્જી દ્વારા દિવ્યાંગો માટે વધુ સારી દુનિયા બનાવવા પર વિચારણા કરવામાં આવી હતી. ટકાઉ સાહસોના સર્જન દ્વારા દિવ્યાંગોનું સશક્તીકરણ સુનિશ્ચિત કરવું, સમાજમાં તેમના સંપૂર્ણ સમાવેશને પ્રોત્સાહન આપવા માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પર્યાવરણ, સુરક્ષા અને અન્ય સુવિધાઓના સંદર્ભમાં શ્રેષ્ઠ વ્યવસ્થા ઊભી કરવા, વ્યાપારી તકોની ઇન્વેન્ટરી નક્કી કરવી જેથી દિવ્યાંગો પોતાના સાહસો ઊભા કરી શકે, દિવ્યાંગોને ઓછા પગારવાળી નોકરીઓ મળે તેવા સમાજમાં વ્યાવસાયિક વિભાજનને તોડીને તેમને પણ અન્યની જેમ સરખી તક મળે તે વિષય પર ચર્ચા કરવામાં આવી.

### દિવ્યાંગો માટે જાગૃતિ અભિયાન અને સંવેદના વર્કશોપ પણ યોજાશે

ચર્ચાઓ અને નિર્ણયોના આધારે કોર્પોરેટ કંપનીઓની મદદથી EDII ૩,૦૦૦ દિવ્યાંગોને રોજગારી આપવાના ગોલને હાંસલ કરવા વિવિધ પ્રવૃત્તિઓ કરશે જેમાં દિવ્યાંગોના સમુદાય એકીકરણને સુનિશ્ચિત કરવા માટે જાગૃતિ અભિયાન, દિવ્યાંગ કિશોરો માટે ઇમર્સિવ લાઇફ સ્કિલ્સ, દિવ્યાંગો માટે વ્યવસાયની તકો મેળવવી, દિવ્યાંગો માટે સંવેદના વર્કશોપ, ક્રેડિટ લિંકેજ સપોર્ટ, બેરોજગાર દિવ્યાંગોને તેમનો વ્યવસાય સ્થાપવા સક્ષમ બનાવવા માટે દિવ્યાંગ-સંચાલિત સાહસોને ટેકો આપવા આંત્રપ્રિન્યોર ગ્રોથ-કમ કાઉન્સેલિંગ પ્રોગ્રામ (ઈજીસીપી) અને માઇક્રો સ્કિલ પ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એમએસડીપી) થશે.